BUSINESS મિત્ર

છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ નિમિત્તે કરન્સી બજાર બંધ રહ્યા

અમેરિકા-ઈરાન તણાવે તેજીનો રથ રોક્યો, સેન્સેક્સ ૧૨૩૬ પોઈન્ટ ઘડામ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 19: ત્રણ દિવસના સુધારા બાદ આજે ભારતીય શેરબજારમાં ચોતરફી વેચવાલીએ મોટો કડાકો બોલાયો હતો. ખાસ કરીને ઈરાન પર અમેરિકાની સંભવિત કાર્યવાહીના અહેવાલોથી રોકાણકારો ચેતી ગયા હતા. જેની અસર બજારને મોટાપાયે ઘટાડો નોંધાયો હતો. આજે છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ નિમિત્તે કનર્સી બજાર બંધ રહ્યા હતા.

મધ્ય પુર્વ સમગ્ર વિશ્વ માટે ક્રુડ ઓઈલ સપ્લાયનું મુખ્ય કેન્દ્ર છે. ખાસ કરીને હોર્મુઝની સમુદ્રધુની ક્રુડ ઓઈલની નિકાસ માટે એક મહત્વપુર્ણ માર્ગ છે. જો ત્યાં કોઈ વિક્ષેપ પડે તો ક્રુડ ઓઈલના ભાવમાં વધઆરો થઈ શકે છે. આનાથી વૈશ્વિક સ્તરે મોંઘવારી પર દબાણ વધશે અને તેની શેરબજાર પર નકારાત્મક અસર પડશે. ખાસ કરીને અમેરિકાની ઈરાન પર લશ્કરી કાર્યવાહીના સંકેતોએ બજારમાં ગભરાટ વધાર્યો હતો. જેમાં આઈટી, બેન્કીગ અને ઓટો જેવા સેકટરોમાં ભારે દબાણ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સ 1236.11 પોઈન્ટ એટલે કે 1.48 ટકા તૂટીને 82500ની સપાટી તોડીને 82498.14 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 83979 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82264 પોઈન્ટ સુધી તૂટયો હતો. નિફ્ટી 365 પોઈન્ટ એટલે કે 1.41 ટકા તૂટીને 25500ની સપાટી તોડીને 25454.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25885 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25388.75 પોઈન્ટના સ્તર સુધી તૂટી હતી. બેન્ક નિફ્ટી 811.25 પોઈન્ટ એટલે કે 1.32 ટકા તૂટીને 69739.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ 30.51 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટ 16.87 ગણા, સીસીઆઈ 8.94 ગણા, ટાટા કેમિકલ્સ 8.35 ગણા અને એનસીસી 6.89 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટાટા ઈન્વેસ્ટમેન્ટ 38.75 ગણા, ગોદરેજ ઈન્ડ. 15.83 ગણા, એનસીસી 7.67 ગણા, ન્યુજન સોફ્ટવેર 6.22 ગણા, ઈન્ડિયા સિમેન્ટ 5.87 ગણા કામકાજ નોંધાયા છે.

લાર્જકેપ શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં ભારે કડાકો બોલાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.54 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.16 ટકા ઘટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી હતી. બીએસઈ ખાતે 1273 શેરો વધ્યા હતા, જ્યારે 2930 શેરો ઘટયા હતા, તથા 164 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.56 ટકા તૂટયો હતો. જેમાં લોઢા ડેવલપર્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, પ્રેસ્ટીજ એસ્ટેટ, સીગ્નેચર ગ્લોબલ, ઓબેરોય રિયલ્ટી, અનંતરાજ, ફોનીક્સ મીલ્સ અને બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ તૂટયા હતા. વૈશ્વિક સ્તરે જીયો પોલીટીકલ તણાવ વધવાની સંભાવનાએ યુરોપિયન બજારો પણ લાલ નિશાનમાં જોવાયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારાથી બજારમાં ઘટાડો જવાયો હતો. જોકે, મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટેસ્ટિકસ મલેશિયાના અનુસાર જાન્યુઆરી 2026માં હેડલાઈન ફુગાવો વાર્ષિક ધોરણે 1.6 ટકા વધ્યો હતો, જેમાં ગ્રાહક ભાવ સુચકાંક ગત વર્ષના સમાન મહિનામાં 133.6થી વધીને 13.57 થયો હતો. એશિયન બજારોમાં હોંગકોંગ અને ચીનના બજારો આજે પણ બંધ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.47 ટકા, કેક 0.72 ટકા અને ડેક્સ 0.77 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.56 ટકા, સ્ટ્રેઈટસ 1.26 ટકા, કોસ્પી 3 ટકા ઉછળ્યા હતા, જ્યારે જકાર્તા 0.44 ટકા ઘટયા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.67 રૂ.
યુરો	106.67 રૂ.
પાઉન્ડ	122.52 રૂ.
યેન	0.5900 રૂ.

સેન્સેક્સ	-1236.11	82498.14
નિફ્ટી	-365.00	25454.35
બેન્ક નિફ્ટી	-811.25	60739.55

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	3.80	274.65
હિન્દાલ્કો	0.71	905.65
HDFC લાઇફ	0.49	733.15
ડો. રેડ્ડીઝ લેબ	0.16	1282.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ એવીએશન	3.32	4815.10
ટ્રેન્ટ	2.85	4067.90
મહિન્દ્રા-મહિન્દ્રા	2.80	3431.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.79	12688.00
બીઇએલ	2.76	435.35

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન ટુબ્રો	1.64	3600.35
તાતા મોટર્સ	1.26	987.10
મારૂતિ સુઝુકી	1.14	12848.15
મહિન્દ્રા-મહિન્દ્રા	0.93	2833.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.92	10930.00

ટોપ લુઝર્સ

ઇન્ટરગ્લોબ એવીએશન	3.23	4818.50
ટ્રેન્ટ	2.89	4065.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.90	12669.95
મહિન્દ્રા-મહિન્દ્રા	2.97	3425.80
બીઇએલ	2.70	435.55

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૩૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૮૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૬૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૮૬૩૦
તેજાબી સોનું	૧૫૮૪૪૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૦૭૦૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૫૪૬૦
સોનાનાં બિસ્કીટ	૧૫૮૬૩૦૦
ચાંદી (૯૯૯)	૨૪૮૭૬૦
ચાંદી સિક્કા	૨૫૦૨૬૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/સાલાસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૭૫/૩૬	,,	૧૧૧	----- ---
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૩૬	,,	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો ૧૨૯
લોકલ		૫૦/૪૮ SD/કેપ		૧૮૫	**ગાર્ડન**
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	**RIL રિલાયન્સ**			૪૯/૨૪ એફડીવાય ૧૧૪.૫૦
૬૮/૩૬	૧૧૯	૯૦/૩૬ ક્રિમ્પ		૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ ૧૬૧
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૧૪.૧૩ રોટો		---	૬૨ ક્રિમ્પ ૧૨૨
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	૧૦૦ ટેક્ષ		૧૨૩	૬૮ ક્રિમ્પ ૧૨૦
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	**વેલનોન** (જીએસટી સાથે)			૭૨ ક્રિમ્પ ૧૧૯
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ રોટો		૧૨૦	૭૫ ક્રિમ્પ ૧૧૬
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૮૦/૭૨ ફોલ્ડર		૧૨૯	૮૦ ક્રિમ્પ ૧૧૫
૮૦/૩૬ રોટો.	૧૧૬	૧૬૦ ડીસ્કેટ		૧૨૯	૮૦/૭૨ રોટો ૧૧૮
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	---		---	૩૦/૨૪ બ્રાઇટ ---
		૮૦/૧૦૮	,,	૧૨૪	૩૦/૩૬ એફડી ---
					TPM ૧૧૬

ક્રુડ ઓઇલના ભાવમાં વધારો: ઓએનજીસી-ઓઇલ ઇન્ડિયા વધ્યા

જો કે ઓઇલ માર્કેટીંગ કંપનીઓના શેરોમાં વેચવાલી હાવી રહેતા 4 ટકાથી વધુ તૂટયા

મુંબઈ, તા. 19: અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. તેની સીધી અસર ભારતીય તેલ કંપનીઓના શેર પર જોવા મળી હતી. અપસ્ટ્રીમ કંપનીઓના શેરમાં વધારો થયો હતો, જ્યારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓએનજીસીનો શેર લગભગ 4.5 ટકા વધીને 276.45 રૂપિયા પર બંધ રહ્યો છે. ઓઈલ ઈન્ડિયાનો શેર ૭ ટકાથી વધુ વધીને રૂ. 485.80 પર પહોંચી ગયો છે.અપસ્ટ્રીમ કંપનીઓને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવથી ફાયદો થાય છે. જ્યારે ક્રુડ મોંઘું થાય છે, ત્યારે તેમની અનુભૂતિ અને નફામાં સુધારો થવાની આશા છે. આ કારણોસર રોકાણકારોએ આ શેરોમાં ખરીદી કરી હતી. ઊલટું, ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં વેચાણ થયું હતું. હિન્દુસ્તાન પેટ્રોલિયમનો શેર 4 ટકાથી વધુ ઘટીને રૂ. 437.20 પર બંધ રહ્યો છે. બીપીસીએલમાં 3 ટકાથી વધુનો ઘટાડો થયો છે. આઈઓસી પણ 2 ટકાથી વધુનો ઘટાડો થયો છે.

ક્રૂડ ઓઈલના તીવ્ર ભાવથી રિફાઈનિંગ અને માર્કેટિંગ કંપનીઓના ખર્ચમાં વધારો થાય છે. જો ઈંધણના ભાવમાં તાત્કાલિક વધારો કરવામાં નહીં આવે તો માર્જિન દબાણ હેઠળ આવી શકે છે. આ જ કારણ છે કે આ શેરોમાં નબળાઈ જોવા મળી હતી.

આંતરરાષ્ટ્રીય બજારમાં ગુરુવારે બ્રેન્ટ ક્રૂડની કિંમત 71.06 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ હતી. તે લગભગ 1 ટકા વધારે છે. તે જ સમયે, યુએસ ડબ્લ્યુટીઆઈ ક્રૂડની કિંમત પણ 65.88 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહી હતી.

રિપોર્ટ્સ અનુસાર, શેરબજારને ચિંતા છે કે અમેરિકા આગામી દિવસોમાં ઈરાન વિરૂદ્ધ કડક પગલાં લઈ શકે છે. પર્શિયન ગલ્ફમાં કોઈપણ પ્રકારનો લશ્કરી તણાવ ક્રૂડના પુરવઠાને અસર કરી શકે છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે જો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી બહાર આવતા ક્રૂડ ઓઈલના શિપમેન્ટમાં ખોરવાઈ જાય તો તેનો વૈશ્વિક પુરવઠો પ્રભાવિત થઈ શકે છે. આ વિસ્તાર વિશ્વના મોટા ભાગમાં ક્રૂડ પરિવહન માટે એક મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે.

સેટેલાઇટ રિપોર્ટ્સ અનુસાર, ઈરાન તેના મુખ્ય પરમાણુ મથકોને મજબૂત કરી રહ્યું છે. તે જ સમયે, અમેરિકાએ મધ્ય પૂર્વમાં તેની સૈન્ય હાજરી વધારી દીધી છે. આ ઘટનાઓએ બજારમાં અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. જો ભૌગોલિક રાજકીય તણાવ વધશે તો ક્રૂડ ઓઈલ વધુ વધી શકે છે. આનાથી અપસ્ટ્રીમ કંપનીઓને ફાયદો થઈ શકે છે, જ્યારે ઓએમસી શેરો દબાણ હેઠળ રહી શકે છે.

સ્પાઈસ જેટ માટે બાગ્લાદેશ એરસ્પેસ ઉપર પ્રતિબંધ મુકાયો

નેવિગેશન સહિતની ફી ચુકવણી બાકી હોવાથી આ નિર્ણય

નવી દિલ્હી, તા. 19: બાંગ્લાદેશે બજેટ એરલાઈન સ્પાઈસ જેટને તેના એરસ્પેસનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એરસ્પેસ ઉપલબ્ધ ન હોવાને કારણે કોલકાતાથી ગુવાહાટી અને ઈમ્ફાલની કેટલીક ફ્લાઈટ્સને હવે લાંબા રૂટ પર જવું પડી રહ્યું છે.

જો કે, સ્પાઈસ જેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે એરલાઈન નેવિગેશન ફી સહિતના ઓપરેશનલ અને પ્રક્રિયાગત મુદ્દાઓ પર સંબંધિત અધિકારીઓ સાથે નિયમિત વાતચીત કરી રહી છે.

તેને ઉદ્યોગનો સામાન્ય મુદ્દો ગણાવતા તેમણે કહ્યું કે વહેલી તકે ઉકેલ લાવવા માટે રચનાત્મક કાર્યો કરવામાં આવી રહ્યા છે અને નિયમો અનુસાર સુનિશ્ચિત ફ્લાઈટ સેવાઓ ચાલી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બાકી રકમની ચુકવણી ન થવાને કારણે આ પગલું લેવામાં આવ્યું છે, જોકે બાકી રકમની પ્રકૃતિ અને રકમ તાત્કાલિક સ્પષ્ટ થઈ નથી. ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા અનુસાર, સ્પાઈસ જેટની કેટલીક ફ્લાઈટ્સ બાંગ્લાદેશી હવાઈ ક્ષેત્રને ટાળીને વૈકલ્પિક અને લાંબા માર્ગો પર લઈ રહી છે.

બીએસઈ પર બપોરના કારોબાર દરમિયાન સ્પાઈસ જેટના શેરમાં લગભગ 1 ટકાનો ઘટાડો થયો હતો.

ચાંદીના ભાવમાં કિલોએ રૂ. ૧૮૦૦૦નો ઉછાળો : રૂ. ૨.૬૦ લાખ થઇ

સોનું પણ પ્રતિ દસ ગ્રામ રૂ. ૧૯૫૦ વધીને રૂ. ૧૫૮૬૫૦ થયું

ઇરાન-અમેરિકાના ફરીથી વધતા તનાવ વચ્ચે રોકાણકારો બુલીયન તરફ વળ્યા

નવી દિલ્હી, તા. 19(PTI): અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે સુરક્ષિત રોકાણ તરીકે કિંમતી ધાતુઓની માંગ વધતા અને વૈશ્વિક બજારના મજબૂત વલણને પગલે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોના-ચાંદીના ભાવમાં 7 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. ચાંદીનો ભાવ વધીને રૂ. 2.6 લાખ પ્રતિ કિલોગ્રામ થયો હતો, જ્યારે સોનું વધીને રૂ. 1.58 લાખ પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યું હતું.સ્થાનિક બજારના વેપારીઓના જણાવ્યા અનુસાર, ચાંદીમાં રૂ. 18,000 અથવા 7.32 ટકાનો ધરખમ વધારો થયો હતો, જે બુધવારના રૂ. 2,46,000 પ્રતિ કિલોના બંધ ભાવથી વધીને રૂ. 2,64,000 પ્રતિ કિલો (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાના ભાવમાં પણ રૂ. 1,950 અથવા 1.24 ટકાનો વધારો થયો હતો, જે અગાઉના સત્રના રૂ. 1,56,700 થી વધીને રૂ. 1,58,650 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં હાજર ચાંદી 1.03 ટકા વધીને 77.97 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી, જ્યારે સોનું મામૂલી વધારા સાથે 4,991.24 યુએસ ડોલર પ્રતિ ઔંસ પર ક્વોટ થયું હતું. HDFC સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ (કોમોડિટીઝ) સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, ઈરાન સામે અમેરિકાની સંભવિત સૈન્ય કાર્યવાહી અંગે વધતી અટકળોને કારણે સુરક્ષિત રોકાણની માંગમાં નવી લહેર જોવા મળી છે.

માર્ચ સિરીઝમાં પસંદગીના શેરોમાં 15 ટકાનું વધારાનું માર્જિન વસુલાશે

એનએસઇએ ડેરિવેટિવ્ઝ માર્કેટમાં જોખમ ઘટાડવા માટે એક મોટું પગલું ભરશે

અમદાવાદ, તા. 19: નેશનલ સ્ટોક એક્સચેન્જે ડેરિવેટિવ્ઝ માર્કેટમાં જોખમ ઘટાડવા માટે એક મોટું પગલું ભર્યું છે. એક્સચેન્જે જાહેરાત કરી છે કે માર્ચ સિરીઝના કેટલાક પસંદગીના શેરો પર 15 ટકાનું વધારાનું માર્જિન વસૂલવામાં આવશે.

આ નિર્ણય એવા શેરો પર લાગુ થશે જ્યાં માર્કેટ-વાઇડ પોઝિશન લિમિટમાં ટોચના 10 ગ્રાહકોનો હિસ્સો 20 ટકાથી વધુ છે. એક્સચેન્જનું કહેવું છે કે આ પગલાનો હેતુ ડેરિવેટિવ્ઝ પોઝિશનમાં એકાગ્રતાનું જોખમ ઘટાડવાનો છે.

માર્ચ શ્રેણી માટે, એનએસઇએ 18 શેરોની સૂચિ બહાર પાડી છે, જેના પર આ વધારાનું 15 ટકા માર્જિન લાગુ પડશે. જેમાં આદિત્ય બિરલા કેપિટલ, અરવિંદ ફાર્મા, બંધન બેંક, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઇલેક્ટ્રિકલ્સ, ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ્સ, વોડાફોન આઈડિયા, જેએસડબ્લ્યુ એનર્જી, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, એનબીસીસી ઈન્ડિયા, એનએમડીસી, પતંજલિ ફૂડ્સ, આરબીએલ બેંક, સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, સન્માન કેપિટલ, ડીએલએફ, મણપ્પુરમ ફાઈનાન્સ અને ઈન્ડસ ટાવર્સનો સમાવેશ થાય છે.આ શેરોમાં ફ્યુચર્સ અને ઓપ્શન્સ પોઝિશન લેનારા ગ્રાહકોએ હવે વધુ માર્જિન જમા કરાવવું પડશે.

AIના યુગમાં ભારત 'યુઝર' નહીં 'મેકર' બને: જીત અદાણી

૨૦૩૫ સુધીમાં રૂ.૮.૩ લાખ કરોડના રોકાણની જાહેરાત

નવી દિલ્હી: કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં, ભારતે ફક્ત ટેકનોલોજીનો ઉપયોગ કરનાર રાષ્ટ્ર જ નહીં, પણ તેનું સર્જન અને નિયંત્રણ કરનાર રાષ્ટ્ર બનવું જોઈએ. અદાણી ગ્રુપના ડિરેક્ટર જીત અદાણીએ ઇન્ડિયા AI સમિટ ૨૦૨૬માં આ વાત કહી હતી. ઇન્ડિયા AI સમિટ 2026માં જીત અદાણીએ જણાવ્યું કે ભારત માટે AI હવે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આર્થિક શક્તિનો પાયો છે. અદાણી ગ્રુપના ₹8.3 લાખ કરોડના રોકાણ દ્વારા ગ્રીન એનર્જી-આધારિત AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી દેશને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય છે. તેમણે AI શક્તિના ત્રણ મુખ્ય સ્તંભો દર્શાવ્યા: ગ્રીન એનર્જી (AI ચલાવવા માટે), ક્લાઉડ સાર્વભૌમત્વ (ડેટા સુરક્ષા માટે દેશમાં જ ડેટા સેન્ટર), અને લોક કલ્યાણકારી સેવાઓ. તેમણે ભાર મૂક્યો કે ભારતનો ડેટા અને ટેકનોલોજી વિદેશી નિર્ભરતાથી મુક્ત હોવી જોઈએ, જેથી તેનો સીધો લાભ ખેડૂતો, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રને મળે.

અદાણી પોર્ટ્સ અને માર્સેલી ફોસ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી

અમદાવાદ: અદાણી પોર્ટ્સ અને ફ્રાન્સના માર્સેલી ફોસ પોર્ટે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડો ને મજબૂત કરવા સમજૂતી કરાર કર્યા છે. આ ભાગીદારી હેઠળ મુન્દ્રા અને હજીરા બંદરોને યુરોપના પ્રવેશદ્વાર સાથે જોડીને 'IMEC પોર્ટ્સ ક્લબ' સ્થાપવાની દરખાસ્ત છે. આ સહયોગ દ્વારા ગ્રીન મેરીટાઇમ કોરિડોર, પોર્ટ ડિજિટલાઇઝેશન અને ઉર્જા સંક્રમણ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. મુક્ત વ્યાપાર કરારના પ્રોત્સાહન સાથે આ સમજૂતી ભારત-યુરોપ વચ્ચે સપ્લાય-ચેઇનને વધુ કાર્યક્ષમ અને ટકાઉ બનાવશે. અદાણી પોર્ટસ અને સેઝના પૂર્ણકાલિન ડાયરેક્ટર અને સી.ઇ.ઓ. શ્રી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે ભારતે પહેલેથી જ આ કોરિડોરને આગળ વધારવામાં અગ્રિમ ભૂમિકા અદા કરી છે. ભારત-યુરોપિયન વચ્ચે મુક્ત વેપાર કરાર સંપ્ન થતાં તેમાં સામેલ થનારા દેશો વચ્ચે અનેકગણો વેપાર વધવાની અપેક્ષા છે.

Federal Bank

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in,
ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭

AHDL/FS304/NDV/189973-160/SN3/2024-2025 Date : 16/02/2026

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ
સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત **ફેડરલ બેંક લિમીટેડ** (સિકયોર્ડ કેડીટર) પાસે ગીરો / ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ કેડીટર)** ની હાઉસીંગ લોન એકાઉન્ટ નં. ૧૮૯૯૭૩૦૦૦૦૧૬૦ ની બાકી રકમ **રૂા. ૧૮,૦૬,૦૦૩.૬૫ (રૂા. અઢાર લાખ છ હજાર ત્રણ અને પાંસઠ પૈસા પુરા)** તા. ૧૧.૦૩.૨૦૨૬ ના સુધી ની વસુલાત માટે **તા. ૧૧.૦૩.૨૦૨૬ ના રોજ "જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિકયોર્ડ બેંક લિમીટેડ)
(૧). શ્રી સરફરાજ અહેમદ S/o શ્રી અબ્દુલ ખાલીફ શેખ અને સહ-અરજદારો :- (૨). શ્રીમતી અરજા પ્રવિણ સરફરાજ શેખ W/o શ્રી સરફરાજ અહેમદ, (૩). શ્રી નિયાઝ અબ્દુલ ખાલીફ શેખ S/o શ્રી અબ્દુલ ખાલીફ શેખ, બધાનું રહેણાંક : ઘર નં. ૧/૩૭૭૩, રૂમ નં. ૪૫, બીજો માળ, નાનાભાઈ રોડ, સોની ફળીયા, એની બેસન્ટ હોલ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૩

- **અનામત કિંમત : રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ પુરા)**
- **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ પુરા)**
- **હરાજીની તારીખ : ૧૧/૦૩/૨૦૨૬**

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનું ક્ષેત્રફળ ૭૨૦.૦૦ સ્કે. ફીટ. તમામ સુવિધાઓ સાથે, જે સ્થિત સર્વે નં. ૧૯૮ પૈકી, પ્લોટ નં. ૫૨, પ્રતિષ્ઠા રેસીડેન્સી, ગામ - કાપોદરા, તાલુકો - અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- ઉત્તરે :** જોડેનો પ્લોટ નં. ૫૧, **દક્ષિણે :** જોડેની સોસાયટીનો રોડ, **પૂર્વે :** જોડેની સોસાયટીનો રોડ, **પશ્ચિમે :** જોડેનો પ્લોટ નં.૫૩.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમીટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

ધી ફેડરલ બેંક લિમીટેડ વતી, શૈલેન્દ્ર કુમાર પાન્ડે,
આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડેન્ટ, લોન કલેકશન અને રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન
(સરફેસી એકટ હેઠળ અધિકૃત અધિકારી)

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

ભટાર રોડ શાખા : પૂજા કિરણ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત – ૩૯૫૦૦૭ ફોન : ૯૧ ૨૬૧૨૪૧૨૩૬
Email : surbha@bankofbaroda.com

કબ્જા નોટીસ (સ્થાવી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૨૬.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર /જામીનદાર **મેસર્સ એસ એમ નીટ ટેક્સ (ભાગીદારી પેઢી), શ્રી ગૌરવ છાબરા, (ભાગીદાર અને જામીનદાર), શ્રી મોહીત લીલાધર સુનેજા (ભાગીદાર અને જામીનદાર) અને શ્રી મુકેશ સચદેવ (ભાગીદાર અને જામીનદાર), શ્રીમતી અનીતા એમ સચદેવ (ભાગીદાર અને જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮૯,૮૮,૭૮૫.૯૫/– (અંકે રૂા. નેવ્યાશી લાખ અઠયાશી હજાર સાતસો પંચ્યાશી અને પંચાણું પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચ